પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 22-11-2026 **MIDDAY: 1.20 TO 1.30**
Day: SUNDAY **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****

1. IIT ખડગપુરના પ્લેટિનમ જ્યુબિલી સમારોહમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને મર્યાદિત વિચારસરણીના અવરોધો પાર કરીને નવી શક્યતાઓ શોધવા હાકલ કરી
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અરુણાચલ પ્રદેશ પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ કલર એનાયત કર્યો
3. ભારત અને ફ્રાન્સે સરહદ પારના આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની ટિકા કરી
4. ગોવામાં 57માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની આજે જાપાની ફિલ્મ "લુકબેક" સાથે શરૂઆત
5. મણિપુરમાં ભેળસેળયુક્ત દારૂ પીવાથી 14 લોકોના મોત
6. વેલિંગ્ટન ટેસ્ટમાં કેએલ રાહુલની સદીથી ભારતની ન્યૂઝીલેન્ડ પર 118 રનની સરસાઇ

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

AMIT SHAH-ARUNACHAL PRADESH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે સેના અને ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) ને અરુણાચલ પ્રદેશના ખેડૂતો પાસેથી સીધી કૃષિ પેદાશો ખરીદવાની સલાહ આપવામાં આવી છે. આજે ઇટાનગરમાં દોરજી ખાંડુ સ્ટેટ કન્વેન્શન સેન્ટર ખાતે અરુણાચલ પ્રદેશ સહકારી વિઝન ડોક્યુમેન્ટ 2027 કોન્ફરન્સને સંબોધતા, શ્રી શાહે કહ્યું કે આવી પહેલ સુરક્ષા દળો અને સ્થાનિક વસ્તી વચ્ચે વિશ્વાસ અને સહકારના બંધનને પણ મજબૂત બનાવશે. તેમણે કહ્યુ કે આજે અરૂણાચલનો ચારેતરફથી વિકાસ થઇ રહ્યો છે.

(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER (DEVLOPMENT)

આત્મનિર્ભરતાને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા, મંત્રીએ કહ્યું કે રાજ્ય અને દેશે સ્વાવલંબન યોજના જેવી પહેલોને મજબૂત બનાવીને આગળ વધવું જોઈએ. તેમણે રાજ્ય સરકારને રોજગારની તકો અને વિકાસના લાભો દરેક નાગરિક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી. કેન્દ્રીય મંત્રીએ રાજ્યમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો અને કહ્યું કે અરુણાચલ પ્રદેશને નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવ્યો છે.

(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER (CONECTIVITY)

NEPAL PM INDIA VISIT

નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહ આજથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. આ વર્ષે માર્ચમાં પદ સંભાળ્યા પછી આ તેમનો પહેલો ભારત પ્રવાસ હશે. આજે નવી દિલ્હી પહોંચ્યા પછી, શ્રી શાહ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

આવતીકાલે, તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પણ મળશે. દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન, બંને નેતાઓ ભારત-નેપાળ સંબંધોની સંપૂર્ણ શ્રેણીની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સમજૂતી કરારનું પણ આદાન-પ્રદાન કરવામાં આવશે.

RAJASTHAN ACCIDENT

રાજસ્થાનમાં, શંભુપુરા નજીક કોટા-ઉદયપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે સવારે થયેલા અકસ્માતમાં એક પરિવારના નવ સભ્યોના મોત થયા છે અને સાત અન્ય ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે પરિવારના સભ્યોને લઈને જતી એક ઝડપી ક્રુઝર વાહન રસ્તાની બાજુમાં ઉભેલી ટ્રક સાથે અથડાઈ ગઈ.

પીડિતો મહારાષ્ટ્રના ધુળે જિલ્લાના રહેવાસી હતા. ઘાયલોને કોટાની ન્યૂ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

REV PREZ VP PM KOTA ACCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના કોટામાં થયેલા માર્ગ અકસ્માતમાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે.

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ માંથી દરેક જીવ ગુમાવનારાઓના નજીકના સંબંધીઓને બે લાખ રૂપિયાની અને ઘાયલોને પચાસ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી.

GUJARAT- CAR FIRE

ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં આજે વહેલી સવારે એક ઝડપી કાર પલટી જતાં અને આગ લાગી જતાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આ ઘટના કેશોદ-બાલાગામ રોડ પર ખામીદાણા ગામ નજીક સવારે 5 વાગ્યાની આસપાસ બની હતી. કેશોદ પોલીસના જણાવ્યા અનુસાર, ચાર લોકો વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ડ્રાઇવરે ઝડપી વળાંક લેતા કાર રસ્તાની બાજુમાં આવેલા પથ્થર સાથે અથડાતા તરત જ આગ લાગી હતી.

ત્રણ મુસાફરો અંદર ફસાઈ ગયા અને આગમાં મૃત્યુ પામ્યા, જોકે એક યુવતી બચી ગઈ હતી. જેને કેશોદ સરકારી હોસ્પિટલમાં તબીબી સારવાર માટે લઈ જવામાં આવી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને દુર્ઘટનાની વધુ તપાસ ચાલુ છે.

PM- KUTCH ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છમાં થયેલા અકસ્માતમાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) માંથી દરેક જીવ ગુમાવનારાઓના પરિવારજનોને બે લાખ રૂપિયાની સહાયની ઘાયલોને PMNRF માંથી પચાસ હજાર રૂપિયા આપવામાં આવશે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે ઈરાન સાથેનો કોઈપણ સંભવિત કરાર કાયમી અને અસરકારક હોવો જોઈએ જેથી ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવી શકાય.

એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાતમાં, શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમને ઈરાનમાં શાસન પરિવર્તનમાં ખાસ રસ નથી. તેમણે દેશના ટોચના નેતૃત્વ પરના હુમલાઓને એક મોટો ફેરફાર ગણાવ્યો અને ઈરાનના નવા નેતૃત્વને વધુ તર્કસંગત ગણાવ્યું હતું, પરંતુ વાટાઘાટોમાં તેમની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો.

શ્રી ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે ઈરાને ભૂતકાળમાં વારંવાર અનેક કરારોનું ઉલ્લંઘન કર્યું છે. શ્રી ટ્રમ્પે ભાર પૂર્વક કહ્યું કે કોઈપણ કરાર અમેરિકાની અપેક્ષાઓ પૂર્ણ કરે તે જરૂરી છે.

RUSSIA CARGO ATTACK

ફિનલેન્ડના પૂર્વીય અખાતમાં કાલિનિનગ્રાડ જઈ રહેલા રશિયાના કાર્ગો જહાજ પર ગઈકાલે થયેલા ડ્રોનમાં હુમલામા જહાજમાં આગ લાગી હતી. ફિનિશ સુરક્ષા દળોએ આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાની શંકા વ્યકત કરી છે. જોકે, યુક્રેને હજુ સુધી આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી.

કાલિનિનગ્રાડના ગવર્નર એલેક્સીએ જણાવ્યું કે હુમલામાં બે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ફિનલેન્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘટના બાદ આસપાસના વિસ્તારમાં હવાઈ અને દરિયાઈ આવાગમન પર કામચલાઉ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

GUJARAT MANSUKH MANDAVIYA

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરના દાંડી કુટીરથી "સન્ડે ઓન સાયકલ" ની 99મી આવૃત્તિને લીલી ઝંડી આપી. દેશભરમાં 26,000 સ્થળોએ આયોજિત આ કાર્યક્રમ દ્વારા ફિટનેસના સંદેશ સાથે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. સભાને સંબોધતા ડૉ. માંડવિયાએ સાયકલ ચલાવવાને એક સર્વાંગી કસરત ગણાવી. તેમણે કહ્યું કે તે ટ્રાફિક ભીડ અને પ્રદૂષણ સામે લડવા માટે પણ એક અસરકારક ઉકેલ છે.

(BYTE - MANSUKH MANDAVIYA)

ડૉ. માંડવિયાએ એવી પણ જાહેરાત કરી કે "સન્ડે ઓન સાયકલ"ની ઐતિહાસિક 100મી આવૃત્તિ 29 નવેમ્બરે યોજાશે.

દરમિયાન, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ "ફિટ ઇન્ડિયા" અને "ડ્રગ-મુક્ત ભારત" અભિયાનોને આગળ વધારવા માટે ડૉ. માંડવિયાના સતત પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ પહેલ દેશભરના યુવાનોને પ્રેરણા આપી રહી છે.

IMD WEATHER

હવામાન વિભાગે આજે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આંધ્રપ્રદેશના રાયલસીમામાં દિવસ દરમિયાન વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની શક્યતા છે.પૂર્વ ઉત્તર પ્રદેશમાં આવતીકાલ સુધી ગાઢ ધુમ્મસની સ્થિતિ યથાવત રહેશે.

દરમિયાન, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, દિલ્હીમાં આજે સવારે 7 વાગ્યે હવા ગુણવત્તા સૂચકાંક 236 નોંધાયો હતો.

INDIA NZ

ભારત વેલિંગ્ટન ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે મજબૂત સ્થિતિમાં છે. ટીમે ચોથા દિવસના અંતે રમત પૂરી થઇ ત્યારે ન્યુઝિલેંડે બે વિકેટે 119 રન કર્યા હતા. હજુ ન્યુઝિલેંડ 233 રન પાછળ છે. અગાઉ ભારતે પોતાની પહેલી ઇનિંગમાં 720/9ના સ્કોર પર દાવ પૂરો થયેલો જાહેર કર્યો હતો.

આજે ભારત તરફથી ઋષભ પંતે 128 અને ધ્રુવ જુરેલે 78 રન કર્યા હતા. ભારતીય ટીમને પહેલી ઇનિંગમાં 352 રનની લીડ મળી હતી. ન્યૂઝીલેન્ડ પહેલી ઇનિંગમાં 368 રન પર ઓલઆઉટ થયું હતું.

RAJNATH - NCC DAY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે NCC દિવસ પર NCC કેડેટ્સ અને સ્ટાફને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું કે NCC એકતા, શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યે નિઃસ્વાર્થ સેવાની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે NCC ભારતની વિવિધતાની શક્તિ અને દેશના યુવાનોની અમર્યાદિત સંભાવનાને પ્રતિબિંબિત કરે છે.